अपील अरजी नं.६९९, ता.२०–३–१२
फोन नं. ०२६१ २४२३७५१/५१८

અરજદારઃ – શ્રી મુબારકઅલી ગુલામનબી બાદશાહ
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુબારકઅલી ગુલામનબી બાદશાહની તા.૧૫–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૪/૪૨૨૮–૨૯–૩૦ મિલ્કત ભુલામોદીની પોળ, મોતી ટોકીઝ સામેના નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિત બાંધકામનાં મંજુર પ્લાનની રજાચિઠ્ઠી સહિત પ્લાનની નકલ (૨) સદર નવા બાંધકામનાં એન્જીનીયરનાં સોગંદનામાની માહિતી નકલ. મુદ્દા નં.(૩)સદર વિસ્તારના ડે. ઈજનેરના નામ, કર્મચારી નબર, અને ડીસે.–૧૧ થી ફેબ્રુઆરી–૧૨ સુધીનો પીટીએ સાઈડ નોંધ પોથીની માહિતીની નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૯ /૨૦૧૧–૧૨

શ્રી મુબારકઅલી ગુલામનબી બાદશાહની તા. ૧૫–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૪/ ૪૨૨૮ –૨૯ –૩૦ મિલ્કત ભુલામોદીની પોળ, મોતી ટોકીઝ સામેના નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિત બાંધકામનાં મંજુર પ્લાનની રજાચિઠ્ઠી સહિત પ્લાનની નકલ (૨) સદર નવા બાંધકામનાં સોગંદનામાની માહિતી નકલ મુદ્દા નં.(૩)સદર વિસ્તારના ડે. ઈજનેરના નામ, કર્મચારી નબર, અને ડીસે.–૧૧ થી ફેબ્રુઆરી–૧૨ સુધીનો પીટીએ સાઈડ નોંધ પોથીની માહિતીની નકલની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૦૩ તા. ૨૭–૩–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ આપનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૦ તા. ૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૨૫૩૨ તા.૨–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૫–૨–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૨૫૩૨ તા.૨–૩–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે કોઈ પણ જાતનો પ્રતિભાવ કે ભરેલ રસીદની પહોંચ પણ પાઠવેલ ન હોવાથી નારાજ થઈ તા. ૨૦–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) નોંધ નં. ૪/ ૪૨૨૮–૨૯–૩૦ મિલ્કત ભુલામોદીની પોળ, મોતી ટોકીઝ સામેના નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિત બાંધકામનાં મંજુર પ્લાનની રજાચિઠ્ઠી સહિત પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪/૪૨૨૮/કે/૧ થી ૩ વાળી મિલ્કતે પત્ર નં.સી.ઝેડ/એન્જી./આ.નં.૧૫૦, ૧૫૧,૧૫૨ તા. ૨૦–૯–૧૦ થી આપવામાં આવેલ રજાચિઠ્ઠીની નકલ નંગ–૩ ના પ્રતિ નકલ રૂા.૨/– લેખે રૂા. ૬/– તેમજ મંજુર પ્લાન નંગ–૦૩ ના પ્રતિ ચો.મી. રૂા. ૧૦૦૦/– લેખે રૂા. ૧૦૮૦ મળી કુલ રૂા. ૧૦૮૬/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૨) સદર નવા બાંધકામનાં સોગંદનામાની માહિતી નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર

નવા બાંધકામના એન્જીનીયરના સોગંદનામાની નકલ નંગ–૦૬ ના પ્રતિ રૂા. ૨/– લેખે કુલ રૂા. ૧૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩)સદર વિસ્તારના ડે. ઈજનેરના નામ, કર્મચારી નબર, અને ડીસે.–૧૧ થી ફેબ્રુઆરી–૧૨ સુધીનો પીટીએ સાઈડ નોંધ પોથીની માહિતીની નકલની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર વિસ્તારમાં શ્રી જે.આર.સોલંકી ડે. ઈજનેર તરીકે ફરજ બજાવે છે જેનો કર્મ નં.૧૧૩૭૬ વે. વધુમાં ડીસે. ૧૧ થી ફેબ્રુ. –૧૨ સુધીનો પીપીએ સાઈડ નોંધ પોથીની માહિતીની નકલ રેકર્ડપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. અરજદારની અપીલ સાથે તા.૯–૩–૧૨ નો રજૂ કરેલ પત્રમાં ૩૦ દિવસમાં માહિતી મળેલ નથી તેવું જણાવી વિના મૂલ્યે માહિતીની માંગણી કરેલ છે. પરંતુ અરજદારને પત્ર નં.સે.ઝોન/આ.ન.ં૨૫૩૨ તા. ૨–૩–૧૨ થી નિયત સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તા અનુસાર નાણા ભરી માહિતી મેળવવા સ્વતં ત્ર છે. તેમજ અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૦૩ તા. ૨૭–૩–૧૨ થી પૂરક વિગતો અંગે પત્ર પાઠવવા છતાં અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની તરફથી કોઈ પક્ષ કે પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૦–૩–૧૨ ધ્યાને લેતાં ૧૮–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૩–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં નાણા ભરપાઈ કરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ કરેલ હોઈ અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર જણાવેલ દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુબારકઅલી,ગુલામનબી બાદશાહ,